### દિયર ભાભી વચ્ચેના આડા સંબંધમાં ૧૩ વર્ષીય બાળકનો ભોગ લેવાયો

# અંકલેશ્વરના ક્રિષ્ણા મર્ડર કેસમાં અંતે હત્યારા કાકા તેમજ માતાની ધરપકડ કરતી પોલીસ

**આંધળા પ્રેમમાં પાગલ દિયર ભાભીએ પ્રથમ પતિની હત્યાનો પ્લાન ઘડ્યો હતો, બાદમાં પુત્રનો કાંટો હટાવવાનુ નક્કી કર્યું હતુ**

અંકલેશ્વર,તા.૧

અંકલેશ્વરની સોનમ સોસાયટીમાં દિયર ભાભી વચ્ચેના આડા સંબંધમાં ૧૩ વર્ષીય બાળકનો ભોગ લેવાયો હોવાના કિસ્સામાં પોલીસે હત્યારા કાકા તેમજ મૃતક બાળકની માતાની હત્યાના ગુનામાં અટકાયત કરી હતી.અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ ની આકરી પૂછપરછ માં આ નિર્મમ હત્યામાં મૃતક ક્રિષ્ણાના સગા કાકા ભગવંત યાદવ અને તેની માતા મમતાદેવી ની ભૂંડી ભૂમિકા બહાર આવવા પામી હતી. બંને હત્યારાઓએ એકમેકની મદદગારી માં બાળકની હત્યાને અંજામ આપ્યો હતો.જીઆઈડીસી પોલીસે આજે આ સમગ્ર ઘટનાક્રમ ની સિલસિલાબંધ વિગતો જાહેર કરી હતી.હત્યારાએ જણાવ્યુ હતુ કે તે પોતે અપરિણીત હોય પોતાના કૌટુંબિક ભાઈ સત્યપ્રકાશની પત્ની મમતા દેવી સાથે છેલ્લા આઠેક વર્ષ થી પ્રેમ સંબંધ હતા. તેઓ બંને એકબીજા સાથે લગ્ન કરવા માંગતા હોય જેથી થોડા સમય પહેલા આરોપી ભગવંત સિંહ અને મમતા દેવીએ કોર્ટ મેરેજ કરવાનુ નક્કી કર્યું હતુ, જે બાદ બંને કોર્ટ મેરેજ કરવા માટે કાનપુર કોર્ટમાં પણ પહોંચ્યા હતા પરંતુ વકીલને મળતા જાણવા મળ્યુ હતુ કે જ્યાં સુધી મમતાદેવીના પતિ સત્યપ્રકાશ સાથે છૂટાછેડા ન થાય કે મમતા દેવી વિધવા ન થાય ત્યાં સુધી તેઓ રજીસ્ટર કોર્ટ મેરેજ કરી શકતા નથી. જે જાણકારી બંને થતા જ તેઓએ એકબીજાના પ્રેમને પામવા અને લગ્ન કરવા આખુ પ્લાનિંગ ઘડી કાઢ્યુ હતુ. જોકે મમતાદેવીના પતિ સત્યપ્રકાશ છૂટાછેડા આપે તેમના હોય બન્નેએ મળીને પ્રથમ સત્યપ્રકાશને પોતાના રસ્તા માંથી હટાવવા નું નક્કી કર્યું હતુ. મમતાદેવીએ પતિને ઘેનની ગોળી પીવડાવીને કામ પુરુ કરી દેવા વિચાર્યું હતુ. જોકે દીકરો ક્રિષ્ણા ખુબ જ હોંશિયાર હોય પહેલા ક્રિષ્ણાનો રસ્તો કરવા પ્લાન ઘડ્યો હતો.ક્રિષ્ણા સિવાય અન્ય ૩ બાળકોમાં ૨ દીકરીઓને પરણાવી દઈશુ તથા નાનો દીકરો અમન દિમાગ થી થોડો કમજોર હોય તેને સાથે રાખવાની બન્નેએ યોજના બનાવી દીધી હતી.ભગવંતસીંગ આયોજનના ભાગરૂપે પોતાના વતન થી અંકલેશ્વરમાં મમતાદેવી અને તેના પરિવાર સાથે તેઓના જ ઘરમાં રહેવા માટે આવી ગયો હતો. બન્ને ક્રિષ્ણાને રસ્તા માંથી હટાવવા યોગ્ય સમયની રાહ જોતા હતા અને ૨૩ જાન્યુઆરીએ મોકો મળતા સાંજે કાકા ભગવંતસીંગ રસ્તામાં તેને મળી સાઈકલ પર બેસાડી તેને ઉછાલી ગામ તરફ અવાવરૂ જગ્યામાં લઈ ગયો હતો.અને પાછળ થી પકડી ગળું દબાવી હત્યા કરી ક્રિષ્ણાના કપડા કાઢી લઈ લાશને પાણીમાં ફેંકી દીધી હતી.

# ૧૫ વર્ષ જુના અનાજ કૌભાંડમાં ભરૂચ પાલીકાના પૂર્વ નગરસેવકના પત્નીને ૧૦ વર્ષની સજા ફટકારાઈ

**ઘઉ, ચોખા, ખાંડ, કેરોસીન, તેલનો જથ્થો વગે કરી જુઠા બિલ અને પુરાવા ઉભા કર્યા હોવાનો ખુલાસો**

ભરૂચ,તા.૧

ભરૂચ જિલ્લામાં અનાજ અને રાંધણગેસના કૌભાંડો જગ જાહેર છે. શહેરના વસંત મિલની ચાલમાં ઈન્દુમતીબેન મનહરભાઈ પરમારની સસ્તા અનાજની દુકાન ચલાવતાં હતા. વર્ષ ૨૦૦૮માં વ્યાજબી ભાવની દુકાન ચલાવતા મહિલા સંચાલિકા ગરીબો રેશનકાર્ડ ધારકોને આપવાનું થતા સરકારી ઘઉં, ખાંડ, કેરોસીન, તેલનો જથ્થો અન્યને આપી દેતા હતા હોવાની ભરૂચ બી-ડિવિઝનમાં ફરિયાદ નોંધાઈ હતી.

જે બાદ કેસની તારીખ પે તારીખ તારીખ પે તારીખ પડી રહી હતી અને કેસનો ફેંસલો આવી રહ્યો ન હતો. પણ ગતરોજ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ પી.ડી.જેઠવાની કોર્ટમાં કેસ ચાલી જતા ૧૫ વર્ષ જુના કેસનો અંત આવ્યો હતો. જેમાં પી.પી. ધાસુરાની ધારદાર રજૂઆતોના પગલે વિવિધ કલમો હેઠળ થયેલ સજાના ભાગરૂપે ઈન્દુમતીબેનને રૂ.૨૯,૦૦૦/- નો દંડ અને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સામાજિક આગેવાન અને પૂર્વ કોર્પોરેટર મનહર પરમારના પત્ની પર કોર્ટની સજા ફરમાવતા પરિજનો પર જાણે આભ તૂટી પડ્યું હતું. કાયદાઓનું ઉલ્લંઘન કરતા લોકો માટે ઉદાહરણ રૂપ કિસ્સો જાહેર થતાં ગરીબોના હકના અનાજને સગેવગે કરી બેનંબરીમાં વેચાણ કરી રોકડી કરવાની મનસા રાખતા રેશનની દુકાન ચલાવતા સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

# રીક્ષા ચાલકોની ફરિયાદને આધારે આમોદના સુહદમ પેટ્રોલ પંપ ઉપર તોલમાપ ખાતાની ટીમ ત્રાટકી

આમોદ,તા.૧

ગતરોજ ભરૂચ તોલમાપ ખાતાના અધિકરી વી.એમ.પટેલ, જુનિયર ઈન્સ્પેક્ટર જી.વી.વસાવા તથા સી.એમ.પટેલ તેમજ ગુજરાત ગેસ કંપનીના જુનિયર અધિકારી જગદીશ સોલંકી આમોદના સુહદમ પેટ્રોલ પંપ ઉપર આવી તપાસ હાથ ધરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. તોલમાપ ખાતાના અધિકારીઓ તેમજ ગુજરાત ગેસના અધિકારીઓ સુહદમ પેટ્રોલ પંપ ઉપર ચકાસણી માટે આવ્યા હોવાની આમોદના રીક્ષાવાળાઓ જાણ થતા મોટી સંખ્યામાં રીક્ષા ચાલકો પણ સ્થળ ઉપર હાજર રહ્યા હતા. ભરૂચ તોલમાપ ખાતાના અધિકારીઓએ અનેક સીએનજી કીટ વાહનોને ગેસ ભરી મીટર રીડીંગની ચકાસણી હાથ ધરી હતી. ત્યારે તોલમાપ ખાતાની અધિકારીઓની હાજરીમાં જ જાડો ગેસ હોવાથી અનેક વાહનોમાં કંપની કેપેસિટી ટેક કરતા વધુ ગેસ જતો હોવાનું સામે આવ્યું હતું. જેથી અનેક રીક્ષા વાળાઓની ફરિયાદ સાચી ઠરી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સુહદમ પેટ્રોલ પંપના સંચાલક તરફથી જાડો ગેસ અપાતો હોવાથી સીએનજી રીક્ષા ચાલકો તેમજ ગેસ કીટ વાહનોને આર્થિક નુકશાન જતું હોવાનું સામે આવ્યું છે.તપાસના અંતે ભરૂચ તોલમાપ વિભાગના અધિકારી વી.એમ.પટેલે મીડિયા સમક્ષ કોઈ પણ પ્રતિક્રિયા આપવાની ના પાડી હતી. ત્યારે આ બાબતે કોઈ નક્કર પરિણામ આવશે કે પછી તારીખ પે તારીખ તરીકે ન્યાય માટે સી.એન.જી. વાહન ચાલકોએ ઝઝૂમવું પડશે તે સમય બતાવશે પણ અસંખ્ય ફરિયાદો અને લગભગ એક મહિના જેટલા સમય વીત્યા બાદ તંત્ર હરકતમાં આવ્યું છે, ત્યારે લોકોની આમ ફરિયાદો માટે તંત્ર ક્યારે સમય આપશે તે જોવું રહ્યું.

**નામ બદલેલ છે**

**મેં મારૂ નામ મકરાણી લાયકઅલી અમીરઅલી થી મકરાણી લિયાકતઅલી અમીરઅલી રાખેલ છે.**

**ડી/૨૧, અમજદપાર્ક સો. એસબીઆઈ બ્રાન્યની સામે, તાંદલજા, વડોદરા - ૩૯૦૦૧૨ ગુજરાત**

**મારૂ જુનુ નામ પટેલ શીવાનીબહેન પરીનકુમાર હતુ બદલીને નવુ નામ પટેલ શીવાની પરીનકુમાર રાખેલ છે. ૨૧, શાંતિકુંજ સોસાયટી, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા.**

**મારૂ જુનુ નામ હેમલત્તાબેન પ્રવિણભાઈ તરબડા હતુ બદલીને નવુ નામ હેમલત્તાબેન મિતેષકુમાર શાહ રાખેલ છે. ૭, મધુરમ સોસાયટી, વાઘોડીયા રોડ, વડોદરા.**

**ટુકી મુદતની જાહેર નિવિદા - ૧/૨૦૨૨-૨૩**
**લવચાલી રેંજ**
**ઉત્તર ડાંગ વન વિભાગ, આહવા**

આથી રસ ધરાવતા ઈજારદારો/ઉત્પાદકો/વેપારીઓને જણાવવાનું કે, યોજનાકીય વાવેતરો માટે શ્રી લવચાલી રેંજ કાર્યવિસ્તારમાં કરવાના થતા વાવેતરો માટે જુદી જુદી સ્થાનિક પ્રજાતિના રોપા ખરીદી કરવાના હોય ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ રોપાની ઉંચાઈને આધિન ઓફલાઈન ટેન્ડર હેઠળ પ્રતિ રોપાના ભાવો મંગાવવામાં આવે છે. આ ટેન્ડર માટે નીચે જણાવેલ કચેરીનો સંપર્ક કરી રૂા.૫૦૦ રોકડા ચુકવી તા.૦૮-૦૨-૨૦૨૩ ના રોજ સમય ૧૨.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ સમય : ૧૭.૦૦ કલાક સુધીમાં રૂબરૂ/કુરીયર/આર.પી.એ.ડી. માધ્યમથી સીલબંધ કવરમાં ટેન્ડર કોપી મોકલી આપવાની રહેશે.

**સરનામું :**
**પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી,**
**લવચાલી**
**તા. સુબીર જી. ડાંગ**
**પીન નં. ૩૯૪૭૧૬**

**સહી/-**
**રેંજ ફોરેસ્ટ ઓફિસર**
**લવચાલી**

(ક્રમાંકઃમાહિતી/ડાંગ/૨૫૮/૨૦૨૩)

**NOTICE**

Notice is hereby given that the Certificate(s) for the under mentioned Equity Shares of the Company have been lost / misplaced and the holder(s) / purchaser(s) of the said Equity Shares have applied to the Company to issue duplicate Share Certificate(s). Any person who has a claim in respect of the said Shares should lodge the same with the Company at its Registered Office within 21 days from this date else the Company will proceed to issue duplicate certificate(s) to the aforesaid applicants without any further intimation.

| Folio No. | Name of Shareholder | No of Shares | Distinctive Nos. From To | Certificate Nos. From To |
|---|---|---|---|---|
| K00046 | Kailashben Ratilal Patel | 300 | 2696101-2696400 | 26988-26990 |

Dated : 01-02-2023 Kailashben Ratilal Patel

Name and Registered Office address of Company
Arman Financial Services Limited
502-503, Sakar III, Opp. Old High Court, Off Ashram Road, Ahmedabad – 380014

**જાહેર નિવિદા**

નર્મદા જિલ્લાના ત્રણ તાલુકા- નાંદોદ,નિલકવાળા તેમજ દેડિયાપાડા તાલુકામાં અત્રેની કચેરી જિલ્લા રમત અધિકારીની કચેરી,નર્મદા દ્વારા નીચે દર્શાવેલ કામો માટે રસ ધરાવતી સમાજસેવી સંસ્થા,એજન્સીઓ,સખી મંડળો એ તા.૦૧/૦૨/૨૦૨૩ થી ૦૭/૦૨/૨૦૨૩ સુધીમાં કામકાજના ચાલુ દિવસોમાં કચેરીના સમય દરમ્યાન આર.પી.એડી/સ્પીડ પોસ્ટથી અથવા રૂબરૂ જિલ્લા રમત ગમત અધિકારીની,રૂમ નં-૨૧૭,બીજો માળ,જિલ્લા સેવા સદન,રાજપીપળાની કચેરીએ ભાવ પત્રકો મોકલી આપવાનાં રહેશે.કમિટી સમક્ષ ભાવ પત્રક ખોલવાની તા.૦૯/૦૨/૨૦૨૩ સવારે ૧૨:૦૦ કલાકે રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર અંગેનો આખરી નિર્ણય કમીટીનો રહેશે.જેની નોંધ લેવા વિનંતી છે.

| અ.નં | યોજનાની વિગત | હુકમ નં અને તારીખ | ભાવ પત્રક આપવાની વિગત |
|---|---|---|---|
| ૧ | નાંદોદ તાલુકાની આદિજાતી મહિલાઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ(૧-માસની તાલીમ-તાલીમ સાથે કીટ સહાયની યોજના) | નં.ટીએસપી/જુ.પે/ગ્રામ-લઉ/વશી/૨૦-૨૩/૨૦૨૩ તા.૦૬/૦૧/૨૦૨૩ | એક લાભાર્થીઓ યુનિટ કોષ્ટ |
| ૨ | નિલકવાળા તાલુકાની આદિજાતી મહિલાઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ(૧-માસની તાલીમ-તાલીમ સાથે કીટ સહાયની યોજના) | નં.ટીએસપી/જુ.પે/ગ્રામ-લઉ/વશી/૨૭-૩૩/૨૦૨૩ તા.૦૬/૦૧/૨૦૨૩ | એક લાભાર્થીઓ યુનિટ કોષ્ટ |
| ૩ | દેડિયાપાડા તાલુકાની આદિજાતી મહિલાઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ(૧-માસની તાલીમ-તાલીમ સાથે કીટ સહાયની યોજના) | નં.ટીએસપી/જુ.પે/ગ્રામ-લઉ/વશી/૧૩-૧૯/૨૦૨૩ તા.૦૬/૦૧/૨૦૨૩ | એક લાભાર્થીઓ યુનિટ કોષ્ટ |

**(માહિતી/નર્મદા/૩૫૫/૨૦૨૨-૨૩)**

**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
**નોંધણીકૃત કાર્યાલયઃ** 15મો માળ, પી એસ શ્રીજન ટેક પાર્ક, પ્લોટ નં. 52, બ્લોક ડીએન, સેક્ટર 5, સોલ્ટ લેક સિટી, કોલકતા 700 091, જિલ્લો 24– પરગણા નોર્થ.
**CIN No.:** U65910WB1993FLC060810
**શાખાનું કાર્યાલયઃ** વડોદરા

L&T Financial Services

## જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે હરાજી કરવા માગે છે.

| મૂળ ઋણદારનાં નામ | સંરક્ષિત મિલકતનું સરનામું | લોન અકાઉન્ટ નંબર(રો) | પ્રત્યક્ષ લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (રૂમાં) | 30.01.2023ના રોજ કુલ બાકી લેણા | અનામત કિંમત (રૂમાં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. શ્રીમાળી કમલેશભાઈ જટુભાઈ 2. છાયાબેન કમલેશભાઈ શ્રીમાળી 3. ધી ગેટ ફિટ જીમ | સંપત્તિના ટુકડાં કે ખંડ બધાંનું સરનામુંઃ (A) ફ્લેટ નં. 1, ચોથો માળ, ટાવર–બી, વીએમપી પ્લાઝા, જેનું માપ 65.49 ચો. મી., ટેરેસના વિસ્તારનું માપ 47.58 ચો. મી. એટલે કે 512 ચો. ફૂટ છે અને પ્રમાણસરની અવિભાજિત જમીનનું માપ 38.28 ચો. મી. છે, જેનું બાંધકામ બ્લોક નં. 529 (જૂનો આર.એસ. નં. 727) પર થયેલું છે, જેનું માપ 660.84 ચો. મી. થવા જાય છે (ટાવર–બીની સંપત્તિ 20 મીટરના રોડની દક્ષિણ બાજુએ આવેલી છે), જે રજિસ્ટ્રેશન જિલ્લા વડોદરા અને પેટા જિલ્લા વડોદરાના બિલ ગામ, ગુજરાત, 390012 ખાતે આવેલી છે, જે અહીં નીચે મુજબ સીમાબદ્ધ છેઃ દક્ષિણેઃ ખુલ્લી જગ્યા | H1810412081 9053449, H1810412081 9053449L, H1810412081 9053449G, H1810412081 9053449T, H1810424082 0075551 | 22મી ડિસેમ્બર 2022 | રૂ. 4,82,347.50/– | રૂ. 46,80,742.71 | રૂ. 48,23,475/– | 27/02/2023 | 06/03/2023 ના રોજ સવારે 11 વાગ્યે |

| સીમાઓ | | |
|---|---|---|
| | પૂર્વે | વાત્સલ્ય વાટિકા સોસાયટી |
| | પશ્ચિમ | બ્લોક નં. 536ની સંપત્તિ |
| | ઉત્તર | 20 મી.નો રોડ |
| | દક્ષિણ | અવધ ઉપવન સ્કીમ |

B) ફ્લેટ નં. 2, ચોથો માળ, ટાવર–બી, વીએમપી પ્લાઝા, જેનું માપ 55.74 ચો. મી., ટેરેસના વિસ્તારનું માપ 51.39 ચો. મી. એટલે કે 553 ચો. ફૂટ છે અને પ્રમાણસરની અવિભાજિત જમીનનું માપ 32.58 ચો. મી. છે, જેનું બાંધકામ બ્લોક નં. 529 (જૂનો આર.એસ. નં. 727) પર થયેલું છે, જેનું માપ 660.84 ચો. મી. થવા જાય છે (ટાવર–બીની સંપત્તિ 20 મીટરના રોડની દક્ષિણ બાજુએ આવેલી છે), જે રજિસ્ટ્રેશન જિલ્લા વડોદરા અને પેટા જિલ્લા વડોદરાના બિલ ગામ, ગુજરાત, 390012 ખાતે આવેલી છે, જે અહીં નીચે મુજબ સીમાબદ્ધ છેઃ

| સીમાઓ | | |
|---|---|---|
| | પૂર્વે | વાત્સલ્ય વાટિકા સોસાયટી |
| | પશ્ચિમ | બ્લોક નં. 536ની સંપત્તિ |
| | ઉત્તર | 20 મી.નો રોડ |
| | દક્ષિણ | અવધ ઉપવન સ્કીમ |

C) ફ્લેટ નં. 3, ચોથો માળ, ટાવર–બી, વીએમપી પ્લાઝા, જેનું માપ 74.32 ચો. મી. છે અને પ્રમાણસરની અવિભાજિત જમીનનું માપ 43.44 ચો. મી. છે, જેનું બાંધકામ બ્લોક નં. 529 (જૂનો આર.એસ. નં. 727) પર થયેલું છે, જેનું માપ 660.84 ચો. મી. થવા જાય છે (ટાવર–બીની સંપત્તિ 20 મીટરના રોડની દક્ષિણ બાજુએ આવેલી છે), જે રજિસ્ટ્રેશન જિલ્લા વડોદરા અને પેટા જિલ્લા વડોદરાના બિલ ગામ, ગુજરાત, 390012 ખાતે આવેલી છે, જે અહીં નીચે મુજબ સીમાબદ્ધ છેઃ

| સીમાઓ | | |
|---|---|---|
| | પૂર્વે | વાત્સલ્ય વાટિકા સોસાયટી |
| | પશ્ચિમ | બ્લોક નં. 536ની સંપત્તિ |
| | ઉત્તર | 20 મી.નો રોડ |
| | દક્ષિણ | અવધ ઉપવન સ્કીમ |

### જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજી ભાગ લેવા માટે ઇચ્છુક ખરીદદાર/ બિડરોએ 27/02/2023ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફએલ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બોલી લગાવનારી વ્યક્તિએ **06/03/2023** એટલે કે ઈ–હરાજીના દિવસે અથવા તો આગામી કાર્યદિવસે એટલે કે **07/03/2023**ના રોજ 18:00 કલાકે અથવા તેના પહેલા એલ એન્ડ ટી ફાઈનાન્સ લિમિટેડના નામે મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર ડી.ડી./પી.ઓ. દ્વારા તેમની ઑફરના 25% નાણાં (ઈએમડી સહિત) જમા કરાવવાના રહેશે, અને આ પ્રકારે જમા થયેલા નાણાં અંગે એલ એન્ડ ફાઈનાન્સ લિમિટેડે પુષ્ટી કરવાની રહેશે, જેમ નહીં થવા પર વેચાણ નિષ્ફળ રહ્યું હોવાનું માનવામાં આવશે અને ઉક્ત સફળ બોલી લગાવનારી વ્યક્તિની ઈએમડી જપ્ત કરી લેવામાં આવશે. ખરીદ કિંમતની બાકી બચેલી 75% રકમ અચલ સંપત્તિના વેચાણની પુષ્ટી થયાંની તારીખથી પંદરમા દિવસે અથવા તેના પહેલાં અથવા તો કાયદાની જોગવાઈ મુજબના લંબાવવામાં આવેલા સમયગાળાની અંદર એલ એન્ડ ટી ફાઈનાન્સ લિમિટેડને ખરીદદાર દ્વારા ચૂકવી દેવાની રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, **જેમનું નામ છે – 'પિયુષ પટેલ, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., આઠમો માળ, મજુરા ગેટ નજીક, રિંગ રોડ, સુરત, ગુજરાત અને અંકિત વિજ, સંપર્ક નં. 8668943242, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., – ઑફિસઃ છઠ્ઠો માળ, બ્રિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098.'** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેની પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ– ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલએન્ડટી ફાઈનાન્સ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ– ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 02.02.2023
સ્થળઃ વડોદરા

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

**યૂકો બૈંક UCO BANK** (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
**મીડ કોર્પોરેટ શાખા, વડોદરા**
14 થી 17, અર્થ કોમ્પલેક્ષ, અક્ષર ચોક, જુના પાદરા રોડ, વડોદરા. ફોન : 0265-2343085, 2340884
E-mail : barmcc@ucobank.co.in

**કબજા નોટીસ**
**[રૂલ ૮(૧) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, 2002 હેઠળ]**

આથી નીચે સહી કરનાર યુકો બેંક, મીડ કોર્પોરેટ વડોદરા શાખા, વડોદરાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સહિત કલમ 13(12) અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા. 05-11-2022ના રોજ કરજદાર શ્રી અમિત વાઘેલાને** ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા.49,20,361.56 (રૂપિયા ઓગણપચાસ લાખ વીસ હજાર ત્રણ સો એકસઠ રૂપિયા અને છપ્પન પૈસા પૂરા) તા.31-05-2022 સુધીના વ્યાજ સહિત અને તા.31-05-2022 થી આગળનું વ્યાજ, અને આકસ્મિક ખર્ચાઓ** સાથેની બાકી રકમ નોટીસ પ્રાપ્તીની તારીખથી 60 દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

કરજદાર/જામીનદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એક્ટની કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો **કબજો તા. 31-01-2023ના દિને** સંભાળી લીધેલ છે.

કરજદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ **યુકો બેંક, મીડ કોર્પોરેટ વડોદરા શાખા, વડોદરા** માટે **રૂા.49,20,361.56 (રૂપિયા ઓગણપચાસ લાખ વીસ હજાર ત્રણ સો એકસઠ રૂપિયા અને છપ્પન પૈસા પૂરા) તા. 29-10-2022 ના રોજ તથા તા.31-05-2022 થી આગળનું વ્યાજ, અને આકસ્મિક ખર્ચાઓ** વસુલાતને પાત્ર રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13ના સબ સેક્શન (8) હેઠળ તમો સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**: સ્થાવર મિલકતનું વર્ણન :**

ફ્લેટ નં.301, રૂત્વા રેસીડેન્સી, ગોત્રી, વડોદરા, અંદાજીત માપ 1300 ચો.ફુટ, રેવન્યુ સર્વે નં. 843, ટી.પી. સ્કીમ નં. 63, ફાઈનલ પ્લોટ નં. 33/1 અને 33/2 પૈકી 33/1, મોજે ગોરવા, જી. વડોદરા, ગુજરાત. જે મિલકત શ્રી અમિત કાંતિલાલ વાઘેલાના નામે સ્થિત છે. જેની ચતુર્સિમા : ઉત્તર : રસ્તો. દક્ષિણ : ફ્લેટ નં.302, પૂર્વ : રસ્તો, પશ્ચિમ : રૂત્વા બંગલોઝ.

**તા. 31-01-2023 | સ્થળ : વડોદરા.** **અધિકૃત અધિકારી, યુકો બેંક.**

**યૂકો બૈંક UCO BANK** (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
**મીડ કોર્પોરેટ શાખા, વડોદરા**
14 થી 17, અર્થ કોમ્પલેક્ષ, અક્ષર ચોક, જુના પાદરા રોડ, વડોદરા. ફોન : 0265-2343085, 2340884
E-mail : barmcc@ucobank.co.in

**કબજા નોટીસ**
**[રૂલ ૮(૧) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, 2002 હેઠળ]**

આથી નીચે સહી કરનાર યુકો બેંક, મીડ કોર્પોરેટ વડોદરા શાખા, વડોદરાના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002) તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સહિત કલમ 13(12) અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા. 05-11-2022ના રોજ કરજદાર શ્રી સ્વપ્નીલ ફ્રાન્સીસભાઈ મહીડા અને શ્રીમતી સરલાબેન ફ્રાન્સીસભાઈ મહીડાને** ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા.27,75,029.53 (રૂપિયા સત્તાવીસ લાખ પંચોતેર હજાર ઓગણત્રીસ રૂપિયા અને ત્રેપ્પન પૈસા પૂરા) તા.31-05-2022 સુધીના વ્યાજ સહિત અને તા.31-05-2022 થી આગળનું વ્યાજ, અને આકસ્મિક ખર્ચાઓ